# સરકારે જ શાળા કોલેજોના શૈક્ષણિક પ્રવાસો બંધ કરાવ્યા

હમણાં છેલ્લા કેટલાક દિવસો પૂર્વે ગુજરાતમાં શાળામાંથી પ્રવાસે ગયેલ વિદ્યાર્થીઓની બસને અકસ્માત થયા. કેટલાક વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો, તો કેટલાક વિદ્યાર્થીને શારીરિક ઈજાઓ થઇ. ઘટના દુ:ખદાયક જ ગણાય. કોઈપણ વ્યક્તિ આવી ઘટનાનો સ્વીકાર ના જ કરી શકે અને પોતાની તમામ સંવેદના એ ઘટના પાછળ જ લગાવી દે. આ ઘટનાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા અને ફરી આવી ઘટનાઓના બને તે માટે ગુજરાત સરકારે એક નિર્ણય કર્યો કે, હવે શાળા-કોલેજોમાંથી પ્રવાસે જવાનું થાય તો રાત્રે ૧૧ થી સવાર ૬ વાગ્યા સુધી મુસાફરી કરવી નહિ. ત્યારે પ્રશ્ન થાય કે, પ્રવાસ દરમિયાન થતા અકસ્માત રોકવા માટે આ જ શ્રેષ્ઠ ઉપાય હતો ? આ ઉપાયથી કેટલો ફાયદો અને કેટલું નુકશાન થશે તે સરકારે વિચાર્યું ખરું ? મોટો પ્રશ્ન એ પણ થાય કે, મુસાફરી દરમિયાન થતા અકસ્માત રાત્રે ૧૧ થી ૬ જ થાય, તો સરકાર રાત્રે એસ.ટી. બસોને કેમ ચાલવા દે છે ? દરરોજ રાત્રે હજારોની  સંખ્યામાં લક્ઝરી બસો દોડી રહી છે. તેને કેમ દોડવા દે છે ? જો સરકારને બાળકો વહાલા છે તો નાગરિકો વહાલા નથી ? એક પુખ્તવયની વ્યક્તિ અકસ્માતમાં એકાએક મૃત્યુ પામે ત્યારે તેના ઘરનો આધાર ઝૂંટવાઈ જાય છે, બાળકો તેના મા કે બાપને ગુમાવે છે, ઘરડા મા-બાપ તેના સંતાનને ગુમાવે છે. આર્થિક અને સામાજિક રીતે આગળ વધતું કુટુંબ એકએક નિરાધાર બની જાય છે. તો આવી પુખ્તવયની વ્યક્તિ માટે આ સરકાર સંવેદનશીલ કેમ નથી ? શું આ સરકારને માત્ર બાળકો જ વહાલા છે તેના નાગરિકો વહાલા નથી ? જો નાગરિકો પણ વહાલા હોય તો રાત્રી મુસાફરી ૧૧ થી ૬ કેમ બંધ નથી કરતા ? કે પછી સસ્તી લોકપ્રિયતા મેળવવા કે સંવેદનાનો ડોળ કરવા સરકારને કોઈ ના મળ્યું અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ જ મળ્યા ?

સમાજમાં કેટલીક નિદનીય કે અસ્વીકાર્ય ઘટનાઓ બને છે. તેને આધારે સરકાર કોઈ નીતિવિષયક નિર્ણય લે, ત્યારે તેની આડઅસર શું થશે તે પણ વિચારવું જોઈએ.  શાળાઓના પ્રવાસમાં રાત્રે ૧૧ થી ૬ મુસાફરી નહિ કરવાના સરકારના આ નિર્ણયથી કેટલા મોટા નુકશાન થશે તે વિચારીએ. સૌ પ્રથમ તો દુનિયામાં ગુજરાત જેને માટે ગૌરવ લઇ રહ્યું છે, તે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા જવાનું વિદ્યાર્થીઓ માટે સરકારે એક જ ઝાટકે બંધ કરી દીધું? વિચારો કે, મહેસાણા, પાટણ, સૌરાષ્ટ્ર,કચ્છ કે વલસાડ જેવા જીલ્લાના વિદ્યાર્થીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા જવું હોય તો હવે કેવી રીતે જશે ? સરકારે રાત્રે ૧૧ થી ૬ મુસાફરી બંધ કરી દીધી. એટલે સવારે ૬ વાગ્યા પછી મુસાફરી કરે તો ક્યારે પહોંચે ? સાંજે પાંચ વાગે તો જોવાનું બંધ થઇ જાય ? અને પાંચ વાગે જોઇને નીકળે તો ઘેર ૧૧ વાગ્યા પહેલા ના પણ પહોંચી શકે.  જો આગલી રાતે પહોંચે તો ક્યાં રોકાય? આગલી રાતે રોકવા માટેનો અને બસના ભાડાનો ખર્ચ વધી જાય તેનું શું ? સરકારે રાત્રી મુસાફરી બંધ કરવાના નિર્ણયની સાથે એવો પણ નિર્ણય લીધો હોત કે, આગલા દિવસે નીકળવાથી કે રોકવાથી થતો વધારાનો ખર્ચ સરકાર આપશે. તો એ નિર્ણય પૂરી નિષ્ઠા અને સંવેદના ભર્યો જણાત. આ નિયમની સાથે માર્ગદર્શિકા પણ બહાર પાડો. જેમકે, પરત ફરતા રસ્તામાં બસ ખોટકાય કે પંક્ચર પડે તો શું ? કેટલા સમયમાં કેટલા ધક્કા ખાધા પછી શાળાને પ્રવાસની મંજૂરી આપશો ? બાળકોને કઈ સગવડ કે કઈ સહાય ક્યાંથી મળશે ? વગેરે. નિયમો એવા બનાવો જેનું પાલન થઇ શકે અને સમગ્રતાને ધ્યાનમાં લો. સરકારે આ નિર્ણય શિક્ષકો, વાલી, ટૂર ઓપરેટર વગેરેને સાથે લઈને કર્યો હોત તો અત્યારે લીધેલા નિર્ણય કરતા વધુ સારો નિર્ણય લેવાયો હોત. આજની મોંઘવારીમાં કે સમયના અભાવે બધા વાલી પોતે આખા કુટુંબ સાથે ફરવા જઈ શકતા નથી. પણ વાલી એવું તો ઈચ્છે છે જ કે મારું બાળક ફરે, જુએ. માટે તો તે શાળાના પ્રવાસમાં

મોકલતો હતો. માટે જ પોતાના બાળકને રાતની મુસાફરીમાં મોકલવો કે નહિ તે નિર્ણય વાલીને જ લેવા દો ને, સરકારે વચ્ચે પડવાની ક્યાં જરૂર છે. બાળકોના સર્વાંગી વિકાસ માટેનું પ્રવાસરૂપી એક સાધન સરકારે બુઠ્ઠું કરી દીધું. સરકારને વિદ્યાર્થીઓ પ્રત્યે પૂરતી નિષ્ઠા હોય અને શિક્ષણની ચિંતા હોય તો સારો અભ્યાસક્રમ આપો, સારા પાઠ્યપુસ્તક આપો, શાળામાં પૂરતા શૈક્ષણિક સાધનો આપો, રમતગમત કે કલાના ક્ષેત્રે બાળકો આગળ વધે તે માટે પૂરતી સગવડતા આપો. અને એ બધાથી સૌથી અગત્યનું કે શાળા-કોલેજોમાં પૂરતા શિક્ષકો-અધ્યાપકો આપો. સરકાર જાણે જ છે કે, ગુજરાતમાં એવી અનેક કોલેજો છે જ્યાં દસમાં ભાગનો પણ સ્ટાફ નથી. તો શું આ બાબતની ચિંતા કરવાની સરકારની ફરજ નથી ? સરકારે અધ્યાપકો અને શિક્ષકોની ભરતીના કામને પ્રાથમિકતા આપી વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળે તે બાબતમાં નિષ્ઠા બતાવવાની જરૂર છે. પ્રવાસ રાત્રે ૧૧ થી ૬ નહિ કરવાનો નિર્ણય લેવામાં જેટલો સમય આપ્યો એના કરતા અડધો સમય શિક્ષકો-અધ્યાપકોની ભરતી માટે આપ્યો હોત તો વિદ્યાર્થીઓનું વધુ હિત થાત.

સરકારે વિદ્યાર્થીઓનું કેટલું બગાડ્યું છે તેનું બીજું એક ઉદાહરણ. અમદાવાદની એક કોલેજ અને શાળાએ સંયુક્ત રીતે ભારત-પાકિસ્તાનની નડાબેટ બોર્ડર પર આવતી ૨૬મી જાન્યુઆરીએ ૧૦૦ વિદ્યાર્થીઓનો સૈનિકો સાથે ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવ્યો હતો. બી.એસ.એફ. તરફથી મંજૂરી પણ મળી ગઈ હતી. વિદ્યાર્થીઓમાં દેશદાઝ જગાડવાના અને ભરવાના આ કાર્યક્રમને સરકારના રાત્રીના સમયે મુસાફરી નહિ કરવાના આદેશથી પડતો મૂકવો પડશે. કારણ કે, બોર્ડર પર પહોંચવા રાત્રે ૧૨-૧ વાગે નીકળે તો જ શક્ય બને. ત્યાં પહોંચી પૂર્વ તૈયારી પણ કરવી પડે. જો આગલી રાત્રે પહોંચવું હોય તો ત્યાં નજીકમાં કોઈ જ રોકાવા લાયક જગ્યા નથી. એટલું જ નહિ ગુજરાત સિવાય અન્ય રાજ્યોના પ્રવાસ હવે સદંતર બંધ થઇ જશે. અરે, અમદાવાદના વિદ્યાર્થીને દ્વારકા કે પોરબંદર કે સાસણગીર કે નારાયણ સરોવર બતાવવાનું પણ બંધ થઇ જશે.

પ્રવાસમાં પોલીસને પણ સાંકળી છે. આપણી સરકારે પ્રવાસ માટે કરેલા નિયમો એવા છે કે જે કોઈપણ શાળા કે કોલેજ કે વિદ્યાર્થી કે વાલી સ્વીકારી શકે તેમ નથી જ. અંતે, પરિણામ એ આવશે કે પ્રવાસો બંધ ! હવે, શાળામાં શિક્ષકો કેવી રીતે લખાવશે ' મારો યાદગાર પ્રવાસ' કે 'પ્રવાસનું મહત્વ' પરના નિબંધ? પરીક્ષામાં પણ પ્રવાસ વિશે પૂછવાનું બંધ કરવું પડશે. સહઅભ્યાસ પ્રવૃત્તિમાંથી પ્રવાસ નામનો શબ્દ જ ભૂંસાઇ જશે. આપણી આ અતિ સંવેદનશીલ સરકાર હવે આવા નિર્ણય લે તો નવાઈ ના પામતા. ધારો કે, કોઈ શાળામાં ચોમાસામાં ધાબું પડે તો સરકાર કહેશે, કે હવે ધાબા નીચે બેસીને ભણવાનું નહિ. શાળામાં ક્રિકેટ રમતાં ફોરવર્ડ શોર્ટ લેગ કે સીલી પોઈન્ટ પર ફિલ્ડીંગ ભરતા ખેલાડીને ઈજા થાય તો સરકાર નિયમ લાવશે કે આ જગ્યા પર ફિલ્ડીંગ ભરવા કોઈ વિદ્યાર્થીને ઊભા નહિ રાખવા. કોલેરા જેવા રોગ પાણીથી ફેલાય ત્યારે સરકાર જણાવશે કે કોઈએ પાણી નહિ પીવું. અરે, વિદ્યાર્થી શાળામાં ભણવા આવે અને નાપાસ થશે તો જણાવશે કે હવે વિદ્યાર્થીને શાળામાં ભણવા નહિ મોકલવો, મધ્યાહ્ન ભોજનમાં ઘણીવાર કીડામકોડા નીકળ્યા છે. તો સરકાર હવે ફરમાન બહાર પાડશે કે કોઈ વિદ્યાર્થી એ મધ્યાહ્ન ભોજન જમવું નહિ, રસાયણશાસ્ત્રના પ્રયોગોમાં જોખમ છે, હવે રસાયણવિજ્ઞાનમાં પ્રયોગો કરાવવા નહિ વગેરે વગેરે. દિવાળી પર ફટાકડા ફોડવા નહિ, ઉત્તરાયણ પર પતંગ ચગાવવા નહિ. પેલી કહેવતને પણ ખોટી પાડશે કે, 'સાહસ વગર સિદ્ધિ નથી'. હવે કહેશે સિદ્ધિ નહિ મળે તો ચાલશે. શારીરિક નુકસાન થાય તો ? સાહસ તો કરવાનું જ નહિ. કશું નહિ મળે તો ચાલશે, આપણે ગુમાવવાનું તો નહિ જ. આ તો સરકાર છે. શિક્ષણમાં ગમે તે નિયમ લાવી દે. જોયું તું ને નવરાત્રી વેકેશન આપ્યું ? વિદ્યાર્થી અને શિક્ષણને નવરાત્રી વેકેશન આપી શું ફાયદો કરાવી આપ્યો ? નદી

પર બાંધેલો ડેમ તૂટવાથી આસપાસના તમામ ગામ તારાજ થઇ જાય. જેથી ડેમ નાં બાંધવો એવું નહિ, પણ ડેમ એવો બાંધો કે જે તૂટે નહિ. ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા દરમિયાન દરરોજ એક બસ ખીણમાં પડે છે, તો પણ યાત્રા દરરોજ ચાલુ જ હોય છે. રેલ્વેમાં પણ અનેક દુર્ઘટના થાય છે, તો પણ રેલ્વે તો ચાલુ જ છે. અકસ્માત એ અકસ્માત જ છે. ૫૦ને નુકસાન થવાથી ૫૦ લાખ લોકોનું ના બગાડાય.

હકીકતમાં વિદ્યાર્થીઓના પ્રવાસને ઉત્તેજન આપવા એસ.ટી.. અને રેલ્વેમાં કન્સેસન આપવાનું, પણ બીજા નિયમ એવા બનાવવાના પ્રવાસ જ નાં થાય. પ્રવાસ માટે એવા નિયમો બનાવવાની જરૂર હતી કે, પ્રવાસ વધુમાં વધુ થાય અને સુરક્ષા સાથે સસ્તા પણ થાય. નિયમો કામને સરળ કરાવી આપવા માટે હોય છે, નહિ કે કામને ગુંચવવા માટે. સરકારશ્રી, પેલા ડ્રાયવરે તો બસ ખાડામાં નાંખી, પણ તમે તો આખું શિક્ષણ ખાડામાં નાખ્યું એનું શું ?